સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

સભ્યો ફોડે ક્યાંક આખો પક્ષ સલાડી લે છે
ક્યાંક આંતરિક વિખવાદે ભિડાવી દે છે,
લડાવી માંહોમાહે સાધે છે સ્વાર્થ ભાજપ -
પારકે પરસેવે જ સત્તા પડાવી લે છે!!
(બિહારમાં માંઝીને ટેકો)

હાઈકુ

લે છે ભરડો
આતંકી અજગર
સ્વાઇન - ફ્લુ
(વધતો મૃત્યુ આંક)

ઉતાવળથી -
પકાવે છે હિંદુત્વ
સંઘ-વિહિંપ
(કટ્ટરતાની દવાથી)

ચિંતન

**ન રમ્યે ન અરમ્યે પ્રકૃતિ ગુણતો વસ્તુ કિમપિ પ્રિયત્વં યત્ર સ્યાદ્દિ વરદપિ તદાહક વશાતિ ।
સ્યાંગં આહનાની ભવતિ વિધુરંગાર શકટી પટીરામ્ભેઃ કુંભઃ સ ભવતિ ચકોરી નયનયોઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય-સામાન્ય નીતિનો આ શ્લોક છે :

'કોઇ પણ વસ્તુ તેના પોતાના ગુણ-દુર્ગુણ, રૂપ-કુરૂપ, દેખાવ-સ્વભાવથી રમ્ય કે અરમ્ય નથી હોતી. એટલે કે ગમે કે ન ગમે એવું નથી હોતું (અર્થાત્ તો વસ્તુ તો જે છે તે તેવી જ છે પણ તેને જોનારની નજર પર પ્રિય-અપ્રિય પણું આધારિત છે. દા.ત. તરીકે મને ભીંડાનું શાક જોઇ ઉલ્ટી થાય તો કોઇ આખી કડાઇભરી ખાઇ જાય!) આ બધું ગ્રહણ કરનારની દૃષ્ટિ-સ્વભાવ-રૂચિ પર આધારિત છે. એમાં વસ્તુ સાધનનો દોષ નથી. અહીં ચકારને ચંદ્ર અગ્નિની જવાળા જેવો દઝાડતા અંગારા જેવો લાગે છે. 'વિરહ' ને કારણે પણ ચકોરીની આંખોને તો ઠંડક જ આપે છે.'

કોઇ વસ્તુ-સાધન-બાબત જીવંત હોય કે સ્થૂળ-વસ્તુના ગુણદોષ પર ગમવું - ન ગમવું પ્રિય-અપ્રિય આધારિત નથી. કોઇને વાંકડિયા વાળ ગમે કોઇને લીસકા! કોઇને જાડી કોઇને પાતળી (બોલપેન!) કોઇને ઉગ્ર- કોઇને સૌમ્ય..

સુખ-દુખની જેમ પ્રિયત્વ-અપ્રિયત્વ પણ આપણા મન-દૃષ્ટિ-વિચાર-સ્વભાવ પર આધારિત છે.

સુવિચાર

- ફરિયાદો કરીને લાચાર થવાની જરૂર નથી, જે પરિસ્થિતિ તમને ન ગમતી હોય તેને કાં તો છોડી દો, કાં પલટાવી નાખો કાં પછી સ્વીકારી લો, બાકી બીજું કંઇ પણ તમારા ખોટા ધમપછાડા જ છે - ડો. ચંદ્રકાન્ત મહેતા
- પવિત્ર માણસની હથેળીમાં પૈસા, આશિકના દિલમાં સબર અને ચાળણીમાં પાણી સંગ્રહી શકાતાં નથી - બી.એન. દસ્તૂર
- તિરથ, હજ કરી આવો ઘેર, વૃક્ષો વાવી કરો લીલા લહેર - નટવર હેડાઉ
- ઝીંદગીને કોઇ અહેસાન નહીં કીયા મુજ પર, હર સાંસ કી કિંમત ચૂકાઇ હૈ મૈને - અસાર ઇકબાલ
- આનંદ એક લાગણીસભર હાલત છે અને એને માણસની ઉર્જા સાથે ઝાઝો સંબંધ નથી એને સંબંધ છે શાંતિ સ્વસ્થતા અને સંતોષ સાથે - ચંદ્રકાન્ત બક્ષી
- ઓછામાં ઓછું પેપરવર્ક એ પ્રામાણિક શાસન માટેનો દરવાજો છે - અઝીમ પ્રેમજી
- પવિત્રતા વિનાનો વિદ્વાન આંધળા મશાલચી જેવો છે, જે બીજાઓને રસ્તા બતાવે છે પણ પોતે રસ્તો જોઇ શકતો નથી - ખલીલ જિબ્રાન

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

સાધુ સંત-મહાત્માની દૃષ્ટિમાં દયાભાવ-પ્રેમ-ક્ષમા ઉભરાતી હોય, ક્રોધ-અપશબ્દો ન હોય, વાત્સલ્ય વરસતું હોય.

એક યુવાન સાધના માટે જંગલમાં આવ્યો. એક વૃદ્ધા લાકડાં લેવા આવી હતી. યુવાન સાથે વાતચીત થઇ. એક ઝૂંપડી બતાવી - યુવાન ત્યાં રહી સાધના કરવા લાગ્યો. વૃદ્ધા તેની સંભાળ રાખવા લાગી. ફળ-ફૂલ-દૂધ-સાફસૂફી-વસ્ત્રો સાફ કરવાની સેવા કરવી હતી. યુવાન જપ-તપ-સાધના કરતો રહ્યો. યુવાન-પ્રૌઢ થયો વીસ વર્ષ વીતી ગયા.

વૃદ્ધા પણ હવે થાકી હતી. એને થયું આ યુવાન સાથે મૈં પણ સેવાનું તપ કર્યું છે. ચાલ, યુવાનની કસોટી કરું કે સાધના કેટલી સફળ થઇ?!

એક સાંજે વૃદ્ધાએ પોતાને બદલે એક યુવાન-સ્વરૂપવાન સ્ત્રીને - યુવાનની કસોટીની વાત કરી નાટકીય રીતે યુવાનને દૂધ આપવા મોકલી.

યુવતી ચેનચાળા કરતી યુવાન પાસે ગઇ અને 'હું મારા હાથે જ તમને દૂધ પીવડાવું' ની હઠ કરી યુવાન યુવતીનો ઇરાદો પામી ગયો. ધક્કો મારી ઝૂંડપીમાંથી નિકળી જવા ગુસ્સામાં આજ્ઞા કરી.

યુવતી ગભરાઇ - દોડી જવા લાગી. યુવાન હાથમાં લાકડી લઇ અપશબ્દો બોલતો પાછળ દોડયો..

સામે વૃદ્ધા મળી. યુવાન ને અટકાવ્યો કહ્યું, તારી તો ઠીક મારી સેવા પણ નિષ્ફળ ગઇ. યુવાને પૂછ્યું કેમ? કહે, સાધકને ક્રોધ ન આવે - ક્ષમા આપે..

Email - sureshchandrabhatt18@gmail.com

પ્રાચીન નાલંદા વિશ્વવિદ્યાલયની સ્થાપના કોણે કરી હતી?

ભારતનો સાંસ્કૃતિક વારસો

(૧) નાથ સંપ્રદાયના વાસ્તવિક પ્રચારક કોણ હતા?
(અ) ગોરખનાથ (બ) ભર્તુહરિ
(ક) બદરીનાથ (ડ) ગોવિંદપુરી

(૨) 'સાંખ્યશાસ્ત્ર' ના રચયિતા કોણ છે?
(અ) આર્યભટ્ટ (બ) આચાર્ય કપિલ
(ક) ભાસ્કરાચાર્ય (ડ) રામાનુજન

(૩) રાષ્ટ્રીય કેલેન્ડરનો અંતિમ મહિનો કયો છે?
(અ) પોષ (બ) ફાગણ
(ક) અષાઢ (ડ) આસો

(૪) 'નાળિયેરી પૂર્ણિમા' કયા માસની પૂનમે આવે છે?
(અ) ચૈત્ર માસની (બ) વૈશાખ માસની
(ક) જેઠ માસની (ડ) અષાઢ માસની

(૫) બેલૂર મઠ સાથે કયા મહાનુભાવનું નામ જોડાયેલ છે?
(અ) સ્વામી વિવેકાનંદ (બ) ધયાનંદ સરસ્વતી
(ક) સ્વામી રામદાસ (ડ) રાજારામ મોહનરાય

(૬) પ્રાચીન નાલંદા વિશ્વવિદ્યાલયની સ્થાપના કોણે કરી હતી?
(અ) સમુદ્રગુપ્ત (બ) કુમારગુપ્ત
(ક) સમ્રાટ અશોક (ડ) ચાણક્ય

(૭) મોહિનીઅટ્ટમ કયા રાજયનું નૃત્ય છે?
(અ) બંગાળ (બ) તામિલનાડુ
(ક) આંધ્ર (ડ) કેરલ

(૮) ઉડિયા 'મહાભારત'ના રચયિતા કોણ છે?
(અ) સરલાદાસ (બ) રામદાસ
(ક) ભોજીરામ (ડ) સ્વામી શ્રદ્ધાનંદ

(૯) મુખોટા નૃત્ય કઇ નૃત્યશૈલી સાથે સંકળાયેલું છે?
(અ) ભારતનાટ્યમ (બ) કથકલી
(ક) કુચીપુડી (ડ) બંગાળી

(૧૦) 'લોસાંગ' ઉત્સવ કયા રાજયમાં મનાવવામાં આવે છે?
(અ) નાગાલેન્ડ (બ) અરૂણાચલ
(ક) સિક્કિમ (ડ) પશ્ચિમ બંગાળ

(૧૧) શિવકુમાર શર્મા કયા વાદ્ય સાથે સંકળાયેલ છે?
(અ) સંતૂર (બ) બાંસુરી
(ક) વીણા (ડ) તબલા

(૧૨) ગણિપિટક કયા ધર્મનો શાસ્ત્રગ્રંથ છે?
(અ) પારસી (બ) સ્વામીનારાયણ
(ક) બૌદ્ધ (ડ) જૈન

(૧૩) બ્રોન્ઝ વુમન ઓફ ઈન્ડિયા તરીકે કોણ ઓળખાય છે?
(અ) કિરણ બેદી (બ) શોભાસિંહ
(ક) જસુબેન શિલ્પી (ડ) સરોજીની નાયડુ

(૧૪) બુદ્ધદેવ બસુ કઇ ભાષાના સાહિત્યકાર છે?
(અ) સિંધી (બ) બંગાળી
(ક) તમિલ (ડ) તેલુગુ

(૧૫) ગણગૌર પર્વ કયા રાજય સાથે સંકળાયેલ છે?
(અ) ગુજરાત (બ) હિમાચલ પ્રદેશ
(ક) હરિયાણા (ડ) રાજસ્થાન

ખજાનો
- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૨૦ ફેબ્રુ. ૧૯૪૫ જયોર્જ સ્મૂટ - તેઓ અમેરીકન સ્પેશ ભૌકિત વૈજ્ઞાનિક છે. તેમણે કોસ્મિક કિરણો ને લગતું સંશોધન કર્યું
- ૨૦ ફેબ્રુ. ૧૯૩૭ રોબર્ટ હબર - તેઓ જર્મન બાયોકેમીસ્ટ છે. ૧૯૮૮માં 'થ્રી ડાયમેન્શન પ્રોટીન સ્ટ્રકચર'ની શોધ બદલ નોબલ પારિતોષિક મળ્યું
- ૨૧ ફેબ્રુ. ૧૮૯૫ હેર્નીક ડેચ - તેઓ ડેનીશ બાયોકેમીસ્ટ છે, વિટામીન કે ની શોધ બદલ ૧૯૪૩માં નોબલ પારિતોષિક મળ્યું.
- ૨૧ ફેબ્રુ. ૧૮૯૫ હેરી સ્ટ્રેક સુલિવાન - તેઓ અમેરિકન ભૌતિક વૈજ્ઞાનિક હતા. ભૌતિકશાસ્ત્રના પાયાનાં સંશોધન કર્યા.
- ૨૨ ફેબ્રુ. ૧૯૩૬ જે. મીસલ બીશોપ - તેઓ અમેરીકન વાયરોલોજીસ્ટ છે. કેન્સર સંબંધિત સંશોધન બદલ ૧૯૮૯માં નોબલ પ્રાઇઝ મળ્યું હતું.
- ૨૨ ફેબ્રુ. ૧૯૧૪ રેનાટો ડ્યુબેકો - તેઓ ઇટાલીયન વાયરોલોજીસ્ટ છે. ૧૯૭૫માં સેલમાં રહેલા જીનેટીક મટીરીયલ સંદર્ભમાં શોધ બદલ તેમને પ્રાઇઝ મળ્યું
- ૨૩ ફેબ્રુ. ૧૯૫૧ સિંગફુમી મોરી - તેઓ જાપાનના જાણીતા ગણિતશાસ્ત્રી છે. 'એલજેબ્રીક જીઓમેટ્ર' પર વિશેષ સંશોધન કાર્ય કરનાર
- ૨૩ ફેબ્રુ. ૧૯૨૪ એલન મેકલોડ કોર્મેક - સાઉથ આફ્રિકામાં જન્મેલા અમેરીકન ભૌતિક વૈજ્ઞાનિક, 'ક્રોસ-સેકશન એક્સ-રે ઇમેજ પ્રોસેસ'માં વિશેષ સંશોધન કરનાર
- ૨૪ ફેબ્રુ. ૧૯૫૫ સ્ટીવ જોબ્સ - અમેરીકન બીઝનેશમેન અને ઇન્વેસ્ટર. ૧૯૭૬માં એપલ કંપનીના સહાયક સ્થાપક. ૫ ઓકટોબર ૨૦૧૧માં મૃત્યુ થયું
- ૨૪ ફેબ્રુ. ૧૯૪૬ ગ્રેગોરી અલ્કસોવીચ મર્ગુલીસ - રશિયન ગણિતશાસ્ત્રી 'થિયરી ઓફ લાઇ ગ્રુપ' આપવા બદલ ૧૯૭૮માં ગણિતનો શ્રેષ્ઠ ફિલ્ડ મેડલ મળેલ.
- ૨૫ ફેબ્રુ. ૧૯૨૪ હુગ એસમોર હકસલી - ઇંગ્લીશ મોલેક્યુલર બાયોલોજીસ્ટ - એક્સ-રે - ડીફીએશન' ને લગતી શોધ કરનાર
- ૨૫ ફેબ્રુ. ૧૯૦૯ લેવ આસ્ટીમોચીવ - સોવિયેટ ભૌતિક વિજ્ઞાની, પ્લાઝમા આધારીત ટોકમેક પ્લાન્ટ તૈયાર કરનાર
- ૨૬ ફેબ્રુ. ૧૯૦૩ ગુલીનો નાટા - ઇટાલીયન કેમીસ્ટ - પૉલીમરની શોધમાં મદદ કરનાર, ૧૯૬૩માં નોબલ પારિતોષિક વિજેતા
- ૨૬ ફેબ્રુ. ૧૮૬૬ હર્બર્ટ હેની ડોઉ - અમેરીકન કેમિકલ ઇન્સ્ટ્રીઝના સ્થાપક, ઇલેકટ્રીકલ પદ્ધતિથી બ્રોમિન છુટું પાડનાર

ગયા સપ્તાહનો સવાલનો જવાબ

સવાલ - અરવિંદ કેજરીવાલે પ્રથમ વાર કઇ તારીખે દિલ્હીના મુખ્યમંત્રી તરીકે સપથ લીધા હતા?

જવાબ - ૨૮ ડિસેમ્બર, ૨૦૧૩

સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) નટુભાઇ દરજી : પેથાપુર
(૩) જયેન્દ્ર પરીખ : સે-૬બી
(૪) મૂળજીભાઇ પરમાર 'દધિ' - સે-૭
(૫) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૬) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૭) ગોમતીબેન કનુભાઇ પરમાર : સે-૨ડી
(૮) નિમેષ એ. જરદોસ : સે-૨સી

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ કોની આગેવાની હેઠળ લડી હતી?

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

૬ (૫૬) ૫૯ (૬૬) ૬ (૬૬) ૬ (૬૬) ૫૯ (૬૬)
૬ (૦૬) ૫૦ (૭૦) ૫૯ (૭) ૬ (૭) ૫૦ (૩) ૫૯ (૫) ૬ (૬) ૫૦ (૬) ૫૦ (૬) ૫૯ (૬)

મારા મૌને તેમને વધારે વહેમી બનાવ્યા, દેવાલય જવામાં સમય બદલ્યો, પણ કમનસીબે આવા જ કોઇ કારણસર તમે પણ સમય બદલાવ્યો, પરિણામે રસ્તામાં આગળ-પાછળ ક્યાંક તો મિલન થતું રહ્યું

'દીપ-પ્રાગટ્ય' (સ્મિત) પ્રસંગ કથા (પત્ર)

- અનંત ન. વ્યાસ

ઓ મારા ચિર-અપરિચિત સ્નેહીજન,

નથી હું તમને ઓળખતી કે નથી તમારું નામ જાણતી, અને તમો પણ મને ક્યાં ઓળખો છો. અને છતાં હું સંબોધન કરું છું. 'સ્નેહીજન' તરીકે. કારણ? તો સાવ સાદુ છે. સામાન્ય રીતે આવી બાબત પરત્વે ધ્યાન પણ ન ખેંચાય. પણ મને સ્પર્શી ગયો છે. તમારો સ્મિતે મઢાયેલો ચહેરો. મુખ પર રમતું સ્મિત, સાવ અજાણ્યો પણ સ્મિત-ભર્યો તમારો ચહેરો મારા મનમાં કોઇ અંતર પર પર એવો તો કોતરાઇ ગયો છે કે તમને, તદ્દન અજાણી વ્યક્તિને સ્વજન તરીકે સંબોધવા હિંમત કરી છે.

તમારી જાણ બહાર, તમારા જ સ્મિતભર્યા ચહેરાના સંસર્ગમાં કેમ અને ક્યારે અવાયું તેની તમને કદાચ નવાઇ લાગશે. પણ વાત સાવ સામાન્ય છે. દરરોજ સવારે ચોક્કસ સમયે દેવાલયે જવા અમે પતિ-પત્ની નીકળીએ છીએ. અને તેમાં પણ તમારા દૈનિક કામપર જવા નીકળતા હશો. અનાયાસ રસ્તાના ચોક્કસ વળાંકે આપણે અસરપરસ મળીએ છીએ. અને એકાદ ક્ષણમાં તો સામસામા પસાર થઇ જઇએ છીએ. આવા જ કોઇ દિવસે મારું ધ્યાન તમારા તરફ ગયું. તમારા ચહેરા પર વિલસતા સ્મિતને જોઇ મને નવાઇ લાગી. નાનું બાળક આસપાસની સૃષ્ટિને જોઇ કુતૂહલથી નિહાળે ને હસી પડે તેવું નિર્મળ અને નિષ્પાય સ્મિત મેં ત્યાં જોયું. મને થયું. અરે, આ યુગમાં પણ આવી જીવંત - વ્યક્તિ? અને આવું ભાવભર્યું નિર્મળ સ્મિત? વાહ...

અને બસ તે દિવસથી રસ્તા પરની પસાર થતાં તમારા ચહેરાને જોવાનું મને વ્યસન પડી ગયું છે મને કાયમ સ્મિત જ દેખાય છે અને મારું ચિત્ત એક પ્રકારના આનંદથી ઊભરાઇ જાય છે. મારા મુખ પર પણ પછી આપોઆપ સ્મિત પ્રગટી ઊઠે છે. આ બધુ એકાદ ક્ષણમાં બની જાય છે અને બીજી ક્ષણે તો આપણે સામસામા પસાર થઇ જઇએ છીએ. તમો તો જે સામું મળે તેના તરફ સ્મિત ફરકાવતા આગળ વધો છો. પણ મારા પગ ઘડીભર ત્યાં જ ખોડાઇ જાય છે.

"તમે કદાચ બીજું કંઇ પીરસી શકો તો સામી વ્યક્તિને હાસ્ય તો જરૂર પીરસજો" આ ઓશોવાણી તમોને જીવનમાં ઉતારી લાગે છે. કદાચ એક વારતામાં આવતી કથાની જેમ તમારું સ્મિત કોઇને આત્મહત્યા કરતાં અટકાવે પણ ખરું? કોઇને કદાચ નવજીવન પણ આપે પણ વાંચેલી વાતો વ્યવહારમાં સાચી નથી પડતી. તેની અવળી અસર પણ થાય છે. તમારું સ્મિત મારા માટે દુઃખનો દરિયો બની ગયું છે. કારણ મારા પતિના અતિ ગંભીર સ્વભાવ... હાસ્ય - મશ્કરી તેને મન હલકી પ્રવૃત્તિ છે. તેઓ ભાગ્યે જ હસે છે. દુનિયાભરનો થાક ને કંટાળો તેના પર આવ્યો હોય તેમ ભારેખમ રહે છે. હળવા થતાં, મશ્કરી કરતા કે મશ્કરી સહન કરતાં તેમને આવડતું નથી. ઘરમાં જે આનંદભર્યું, હળવું, હૂફાળું વાતાવરણ જોઇએ તેનો અમારે ત્યાં અભાવ છે. નિરસ વાતાવરણને આનંદમય બનાવે તેવું કોઇ ફૂલ અમારે આંગણે ખીલ્યું નથી. બાળકનું અવતરણ તો પતિ-પત્નીના આનંદમય સહયોગનું પરિણામ હોય છે. તે મારા પતિ નથી સમજતા. તમારા સ્મિત મારા આંતરમનને તો પ્રફુલ્લિત કરી દીધું. જીવન બાગ માંડ મઘમઘ્યો પણ વસંતના આગમન પૂર્વે પાનખર આવી ગઇ.

શરૂ-શરૂમાં તો મારા પતિનું ધ્યાન ન ખેંચાયું પણ તે દિવસે તમો અમે મળ્યા મારા પતિ સામે જોઇ તમે સ્મિત કર્યું ત્યાં તો કશો પ્રતિભાવ ન થયો તમે આગળ વધી મારી સામે સ્મિત કર્યું. આદત મુજબ મેં પણ સામે સ્મિત રેલાવ્યું અને મારા પતિનું ધ્યાન ખેંચાયું તેની નજર તીક્ષ્ણ બની અને મારા જીવનમાં પ્રથમ ચિનગારી ચંપાઇ. પછી તો તેઓ બરાબર ધ્યાન રાખવા લાગ્યા. દુરથી તમને જોઉં ને મારા મનમાં ધ્રાસકો પડે. હું મન મારી આડુંઅવળું જોવાનો પ્રયત્ન કરું. પણ સાવ અચાનક મારાથી તમારી સામે જોવાઇ જાય. સ્મિતની આપ-લે થાય ને સાથે પતિની તિક્ષ્ણ નજર મને વિંધે.... ત્યાર પછી તેઓ મને વારંવાર પૂછે. 'એ કોણ છે?' તારી સામે શા માટે હસે છે? તમે ક્યારથી એકબીજાને ઓળખો છો? તમારું આગળનું કોઇ લફરું તો નથી ને? પ્રેમ-બેમ થઇ ગયો હોય તો જરૂર કહેવું... 'કહો તમો' હવે હું આવા આક્ષેપના શા જવાબ આપું.

મારા મૌને તેમને વધારે વહેમી બનાવ્યા. દેવાલય જવામાં સમય બદલ્યો. પણ કમનસીબે આવા જ કોઇ કારણસર તમે પણ સમય બદલાવ્યો. પરિણામે રસ્તામાં આગળ-પાછળ ક્યાંક તો મિલન થતું રહ્યું. એક વખત તેઓએ અચાનક રસ્તો પણ બદલાવ્યો. લાંબો ફેર લઇ અમે દેવાલયમાં આવ્યા. ત્યાં તો દેવાલયના પ્રાંગણમાં જ આપણે ભટકાઇ ગયા. તે મારા પતિને ખાત્રી થઇ ગઇ. મને કહે 'જરા કહે તો ખરી તે કંઇ રીતે આ સંદેશો મોકલાવ્યો? તમારું અદ્વૈત, વાહ કેવું પડે.... ને પછી એક શંકાશીલ પતિ પત્નીની ચોકી કરવા જે જે પ્રયોગો કરે, પ્રયત્નો કરે તેવા તમામ પ્રયોગો મારી સામે કરવામાં આવ્યા.' તેમના વાણી - વર્તન તથા વ્યવહારે મારા કાળજા પર ઊંડા ઘા કર્યા હવે તો મારે માટે માત્ર આત્મહત્યા કરવાનો જ માર્ગ રહ્યો...

આ દરમિયાન મારે પણ આત્મનિરીક્ષણ તથા આત્મમંથન કરવાની જરૂરિયાત ઊભી થઇ. 'શું આવું ધારી લેવામાં મારા પતિનો દોષ ગણાય? કોઇ પણ પુરુષ શું આવું ન વિચારે? તેઓને વહેમ પડ્યો, કારણ આ મિલન તદ્દન આકસ્મિક છે તેવું મેં ક્યાં બરાબર સમજાવ્યું છે અને આનું કારણ તો સ્મિત છે ને? આ કારણ નષ્ટ કરી નાંખુ તો.... મેં નિર્ણય કર્યો. 'ના દેવાલય નહિં જાઉં... ઘર બહાર નીકળું નહિ.' ન રહે વાંસ ન બજે વાંસળી - પણ માંડ બે દિવસ થયા ત્યાં તો તમારો સ્મિત ભર્યો ચહેરો જોવા મન તરફડી ઊઠ્યું. મને લાગ્યું તમને જોયા સિવાય મારાથી જીવાશે નહિ મારે જવું જ પડશે.' આ ભાવ આવ્યો અને હું જાગૃત થઇ ગઇ. અરે આ તો મારા પતિની શંકા સાચી પડે છે. શું હું તમારા પ્રેમમાં પડી છું? હું મારા પતિને, મારા ઘરને સાવ બેવફા તો નથી થતી ને? તમને જોવાનો આ લોભ કેમ જાગ્યો? મેં વારંવાર મનને તપાસ્યું. મને લાગ્યું. મારા મનના ઊંડાણમાં પતિ પ્રત્યે પ્રેમને બદલે નફરતનો ભાવ છે. એ નફરત કદાચ ક્યારેક અજાણતા અભિવ્યક્તિ પણ થઇ હશે જ. અને મારા પતિના મનમાં તેનો જ આ પડઘો પડ્યો છે. મેં મનને મક્કમ કર્યું 'ના હું પતનના માર્ગ પર આગળ નહિ જાઉં... મારે મારા ગૃહ જીવનને ટકાવવું છે. સુંદર બનાવવું છે. પાપ હું કરું ને દોષનો ટોપલો પતિ પર ઢોળું તે ન ચાલે.... મેં ઘણું વિચાર્યું - મન તો બહાર જાય વારંવાર તડફડતું - તાકીક કરતું પણ હું પરાણે ઘરમાં બેસી રહેતી - તેની અસર મારા સ્વભાવ પર પડી.' હું ચીડાયેલ નારી બની... બે માસના મારા સતત ઘરવાસને કારણે મારા પતિને વિશ્વાસ બેઠો... તેમનું મન શાંત થયું અને એક દિવસ ઓફિસના કામે તેઓ થોડા દિવસ બહારગામ ગયા.

નિયમ પ્રમાણે દેવાલયે તો જવું પડે. મારે બહાર નીકળવું પડ્યું... અને રસ્તામાં તમારું મિલન થયું. પરંતુ આજે તમારું સ્મિતભર્યું મુખ સાવ મ્લાન હતું. સ્મિતને બદલે ત્યાં ગંભીરતા. થાક ને કંટાળો જણાયા. મને થયું. માંડ માંડ એક જીવંત વ્યક્તિ મળી હતી. તે પણ કદાચ આપણા જેવી થઇ જશે. તો - તમારું સ્મિત વિલાય તે મને ન ગમ્યું. તમારું સ્મિત તો ઘણાંના જીવનમાં આનંદ ભરતું હશે. તેને મરવા ન દેવાય... અને તમારી સામે જોઇ મેં મધુર સ્મિત ફરકાવ્યું. ક્ષણભરમાં પ્રતિભાવ મળ્યો. તમારો ચહેરો ઉજ્જવળ બની ગયો. મને થયું હાશ આ સ્મિત તો જીવંત રહ્યું.... પણ મારું સ્મિત... શું તે વિલાઇ જવાનું? ના, હું મારું સ્મિત ચાલુ રાખીશ. ભલે લોકો અકારણ ગણે હું સૌને સ્મિત પીરસીશ... મેં આડોશપાડોશની બહેનો સાથે હસી-મજાક કરવાનું શરૂ કર્યું. શેરીના નાના બાળકોને રમાડ્યા... શેરીમાં આવતા ફેરિયા, ભીખારી, કે વાળવાવાળા - સો સામે હું સ્મિતભર્યા મુખે વાત કરતી. એ જ પ્રયોગ પતિ સાથેની વાતોમાં પણ કર્યો. વાતચીત ન હોય ત્યારે પણ ચહેરો સ્મિત ભર્યો રહે તેની તકેદારી રાખી થોડા દિવસ તે મારો સ્વભાવ થઇ ગયો. મે ન તો પતિને ઉપદેશ આપ્યો કે તેની વાત ટાળી તેઓ જે કહેતા તે બસ કંટાળ્યા વિના સ્મિતભર્યા ચહેરે કરતી ગઇ. તેમના સ્વભાવમાં પણ ધીમે ધીમે પરિવર્તન આવવા લાગ્યું. સ્મિત દ્વારા સ્મિત પ્રગટ્યું. દીપ પ્રગટી ચૂક્યો છે. હવે અમારા જીવનમાં પ્રકાશ પથરાતો જાય છે. જીવનની ધન્યતાનો સમય પણ હવે નજીક આવતો જાય છે.

અમને સ્મિત પીરસતા શીખવનાર - ઓ મારા પરમ સ્નેહી...
કહો તમારો કેટલો આભાર માનું...

લી.
એક અજાણી બહેન

મને પરણ્યા હતા મારા સૌંદર્ય પાછલ ઘેલા બનીને પણ એક આગમાં ફસાઇ જતા હું મારું સૌંદર્ય કદરૂપી બની ગઇ, તમે મને ધિક્કારવા લાગ્યા

ફફડાટ

- જય ગજ્જર

સાત દિવસથી નિર્મમ ઓફિસ જવા દરવાજો ખોલે ને એક ચકલી એની પોર્ચમાં પડેલી ખુરશી પર બેઠી હોય. એને જુએ પણ ઉડી ન જાય. આજ રવિવાર હોવાથી ઓફિસ જવાનું નહોતું. છતાં બ્રેકફાસ્ટ કરતાં પહેલાં પણ એણે દરવાજો ખોલ્યો.

એ ચકલી ત્યાં જ બેઠી હતી. પણ આજ એ ધ્રૂજતી હતી. નિર્મમે ધીરે રહીને એને ઉપાડી લીધી. ઘરમાં લાવી ખાલી પડેલા પોપટના પાંજરામાં એને મૂકી. આ ધ્રૂજતી બંધ થઇ અને બોલી, ''થેન્ક યુ!''

એ સાંભળી નિર્મમને આશ્ચર્ય થયું. પોપટને બોલતો સાંભળેલો, પણ ચકલી બોલે? માન્યામાં ન આવે એવી વાત હતી.

નિર્મમે પાંજરામાં બ્રેડનો એક ટૂકડો મૂક્યો. ચાંચમાં પકડી બહાર ફેંકી એ બોલી, ''ભાત.''

નિર્મમે ફ્રિજમાંથી એને ભાત આપ્યો. ચપચપ એ ખાઇ ગઇ. એમાં સ્ફૂર્તિ આવતી દેખાઇ. 'થેન્ક યુ' બોલી એ પાંજરામાં ઉપર નીચે ઉડવા લાગી.

નિર્મમે પુછ્યું, ''તારું નામ શું છે?''

''મીના...''

''મારી મીના....?''

''હા, તમારી મીના...''

''પણ એ તો પાંચ વર્ષ પહેલાં મરી ગઇ છે.''

''તમે એને મારી નાખેલી એમ સાચું કેમ નથી કહેતા?''

''ધીરે બોલ, કોઇ સાંભળી જશે તો હું જેલ ભેગો થઇ જઇશ!''

''એમ બનશે તો મને બહુ આનંદ થશે. હું આજ તમને ખુલ્લા પાડી દેવાની છું. સાત સાત દિવસ સુધી તમારા ઘેર આંટા મારતી રહી પણ તમે જરા કે દયા ન દાખવી. તમે ક્રૂર છો, દયાહીન છો. ઘાતકી છો. સમાજમાં ખોટા આડંબર કરો છો. પ્રેમનો અંચળો ઓઢીને ફરો છો. પણ તમારામાં લાગણી, સદભાવ કે પ્રેમનો અંશ જ નથી. મને પરણ્યા હતા મારા સૌંદર્ય પાછલ ઘેલા બનીને પણ એક આગમાં ફસાઇ જતા હું મારું સૌંદર્ય કદરૂપી બની ગઇ. તમે મને ધિક્કારવા લાગ્યા. રોજ ન કહેવાના વેણ કહેતા. કારણ કે તમે રૂપના પૂજારી હતા. એટલે તો ઘરમાં મારી શોક્ય લઇ આવ્યા. શું નામ હતું એનું? હા, મેનકા! શંકરને પીગળાવ્યા હતા એમ તમને પીગળાવી દીધા. મારાથી છૂટકારો મેળવવા અને મેનકાને ખુશ કરવા એક દિવસ રાત્રે તમે નિર્દય બની મારી કતલ કરી નાખી. આજ એ મેનકા કેમ દેખાતી નથી?''

''તને આ બધી કયાંથી ખબર?''

''બધું મારી આંખ સામે બનતું એટલે ખબર જ હોય ને?''

''તમે રૂપ પાછળ ઘેલા હતા એટલે તમને આસપાસ અંધારું જ લાગે. હું તમારા ઘરમાં હોવા છતાં તમને ન દેખાઉં.''

''મારા ઘરમાં?''

''હા, તમે મને પાંજરામાં પૂરી રાખેલ. પણ મારી આંખો ખુલ્લી હતી...''

''તું મારો પોપટ તો નહોતો?''

''હા, હું વૃદ્ધ થયો એટલે તમે તમારી પત્નીના કહેવાથી તમારા વૃદ્ધ પિતાને વૃદ્ધાશ્રમમાં તગડી મૂકેલા તેમ તમે મને પણ ઘર બહાર તગડી મૂક્યો. હું ઊડીને જંગલમાં ગયો. મુક્ત મને બહુ હર્યો ભર્યો અને સ્વતંત્રતાની મોજ માણી. બહુ ખુશીથી એક મંદિરમાં મરણ પામ્યો. યમરાજને જોતાં જ વિનંતી કરી કે એક દુરાચારીને સજા કરાવવી છે તો મને ફરી પોપટનો અવતાર આપો.''

''યમરાજ પીગળ્યા ને મને કહ્યું, 'તને પક્ષીનો અવતાર આપીશ પણ પોપટ નહિ, હા તારી વાણીની બક્ષિસ સાથે તને ચકલીનો અવતાર આપીશ.'''

''ચકલી તરીકે તમારું ઘર શોધવામાં ખાસ્સો સમય વીતી ગયો. ઘર મળી જતાં હું ભૂખી, તરસી, પોર્ચમાં ધ્રૂજતી હતી પણ તમ જેવા નિષ્ઠુરે મને ઘરમાં આશરો ન આપ્યો.'' આ બધું સાંભળી નિર્મમ ફફડી ઊઠ્યો.

ચકલીએ એ ફફડાટ જોઇ ઉમેર્યું, ''તમે ફફડાટ તો હવે અનુભવશો. આજ પાંજરું બંધ કરવાનું ભૂલી ગયા છો. સામેની બારી પણ ખુલ્લી છે. વર્ષો સુધી તમે મને પાંજરામાં પૂરી રાખેલ હવે તમારો વારો છે જેલના સળિયા પાછળ ફફડાવાનો. પોલીસ ચોકીએ જઇ તમારી આ કથની કહી દઉં છું. બાય, ગુડ લક.'' અને એ ચકલી પાંખો ફફડાવી ઊડી ગઇ.

નિર્મમે આંખો લૂછી ત્યારે દરવાજે બે પોલીસ હાથકડી સાથે ઊભા હતા.